सत्यमेव जयते

દાખલ તારીખ :– ૨૯/૦૭/૨૦૨૫
નોંધ્યા તારીખ :– ૨૯/૦૭/૨૦૨૫
**ફેંસલ તારીખ :– ૧૯/૦૫/૨૦૨૬**
સમયગાળો :– <u>વર્ષ–માસ–દિવસ</u>
૦૦ –૦૯ – ૨૧

---

**મહેરબાન વિસાવદરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બી.એચ.ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિસાવદર, જી.જુનાગઢ.**

---

**<u>આંક :–૩૧</u>**

**<u>ફોર્મ–'એ'</u>**

(ચુકાદાની તારીખ :–૧૯/૦૫/૨૦૨૬)

ફોજદારી કેસ નંબર :–**૪૫૬/૨૦૨૫**

(વિસાવદર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૩૦૭૦૨૪૦૫૪૫/૨૦૨૪)

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એચ.પરમાર**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** (૧) મુકેશભાઈ લગરાભાઈ દુધાત્રા,
ઉ.વ.૪૭, ધંધો–ખેતી,
રહે.લીમધ્રા,તા.વિસાવદર, જી.જુનાગઢ.

(૨) રાજેશભાઈ બચુભાઈ વઘાસીયા,
ઉ.વ.૪૨, ધંધો–ખેતી,

રહે.બરડીયા,તા.વિસાવદર, જી.જુનાગઢ.
(૩) મહેન્દ્રભાઈ દેવજીભાઈ સાવલીયા,
ઉ.વ.૪૫, ધંધો–ખેતી,
રહે.બરડીયા,તા.વિસાવદર, જી.જુનાગઢ.

**આરોપીઓ તરફે વિ.વ.શ્રી કે.બી.જોષી.**

**<u>ફોર્મ–'બી'</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૪/૧૦/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૪/૧૦/૨૦૨૪ |
| ચાર્જશીટ તારીખ | ૦૭/૦૧/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયા તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૧૯/૦૫/૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૧૯/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

**<u>આરોપીની વિગતો</u>**

| **આરોપી ક્રમાંક** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** |
|---|---|---|---|
| ૧. | મુકેશભાઈ લગરાભાઈ દુધાત્રા | ૧૪/૧૦/૨૦૨૪ | ૧૪/૧૦/૨૦૨૪ |
| ૨. | રાજેશભાઈ બચુભાઈ વઘાસીયા | ૧૪/૧૦/૨૦૨૪ | ૧૪/૧૦/૨૦૨૪ |
| ૩. | મહેન્દ્રભાઈ દેવજીભાઈ સાવલીયા | ૧૪/૧૦/૨૦૨૪ | ૧૪/૧૦/૨૦૨૪ |
| **આક્ષેપિત ગુના** | **છોડી મૂકેલ છે કે સજા કરેલ છે.** | **કરવામાં આવેલ સજા** | **બી.એન.એસ.એસ. નીકલમ–૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન** |

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

| | | | |
|---|---|---|---|
| | | | **અટકાયતનો સમયગાળો** |
| બી.એન.એસ.ની કલમ–૧૯૪(૨), ૨૯૬(બી) તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |

## <u>ફોર્મ–'સી'</u>

**એ. <u>ફરીયાદ પક્ષ તરફે સાહેદોનું તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ</u> :–**

| **અનું.નં.** | **આંક** | **સાહેદ તથા દસ્તાવેજ નુ નામ** |
|---|---|---|
| ૧. | ૦૯ | બનાવવાળી જગ્યા પંચનામાના સાહેદ નં.૧ હરેશભાઈ સમજુભાઈ સાવલીયાની જુબાની |
| ૨. | ૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામ |
| ૩. | ૧૧ | ફરીયાદી પો.કો.અજીતસિંહ જુવાનસિંહ ભાટીની સોગંદ ઉપરની જુબાની |
| ૪. | ૧૨ | અસલ ફરીયાદ |
| ૫. | ૧૩ | અટક પંચનામાના સાહેદ નં. ૧ લલીતભાઈ ગોપાલભાઈ પાઘડાળની જુબાની |
| ૬. | ૧૪ | બનાવવાળી જગ્યા પંચનામાના સાહેદ નં.૨ વિજયભાઈ ડાયાભાઈ વઘાસીયાની જુબાની |
| ૭. | ૧૬ | અટક પંચનામાના સાહેદ નં. ૨ લાલજીભાઈ બાવાભાઈ કોટડીયાની જુબાની |
| ૮. | ૧૭ | અટક પંચનામું |
| ૯. | ૧૮ | સાહેદ પો.કો. રાકેશભાઈ બાઉવેદભાઈ ડોબરીયાની જુબાની |

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

| | | |
|---|---|---|
| ૧૦. | ૧૯ | સાહેદ પો.કો. પ્રફુલભાઈ કરશનભાઈ ભેડાની જુબાની |
| ૧૧. | ૨૦ | સાહેદ પો.કો. દિનેશભાઈ અરજણભાઈ કાચેલાની જુબાની |
| ૧૨. | ૨૨ | સાહેદ ભીખાભાઈ મેરામભાઈ વણારની જુબાની |
| ૧૩. | ૨૩ | સાહેદ સોમાભાઈ કાળાભાઈ વાઘની જુબાની |
| ૧૪. | ૨૪ | સાહેદ દીનેશભાઈ મોહનભાઈ વાઘની જુબાની |
| ૧૫. | ૨૫ | સાહેદ પ્રવીણભાઈ બાવકુભાઈ સાવલીયાની જુબાની |
| ૧૬. | ૨૬ | સાહેદ અશોકભાઈ ભીખાભાઈ નાકરાણીની જુબાની |
| ૧૭. | ૨૭ | સાહેદ વિપુલભાઈ છગનભાઈ પટેલની જુબાની |
| ૧૮. | ૨૮ | સાહેદ અશ્વિનભાઈ બાબુભાઈ સરધારની જુબાની |
| ૧૯. | ૩૦ | તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ.,દીનેશભાઈ નારણભાઈ ચાંચીયાની જુબાની |

---

**ગુનો :-બી.એન.એસ.ની કલમ-૧૯૪(૨), ૨૯૬(બી) તથા**
**જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ.**

---

***J U D G E M E N T***

**(૧)** સદર કેસની ટૂંકી વિગત એ મુજબ છે કે, તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ ફરીયાદી સાથેના પોલીસ સ્ટાફ પો.કો. રાકેશભાઈ ડોબરીયા, દીનેશભાઈ કાછેલા, ધવલભાઈ વેગડ, નિર્મલસિંહ દયાતર તથા એ.એસ. આઈ. ડી.એન.ચાંચીયાનાઓ સાથે બરડીયા ગામે ઈકો ઝોનના વિરોધમાં મીટીંગના બંદોબસ્તમા હતા તે દરમ્યાન બરડીયા ગામ પાસે લીલીયા ગામ તરફ જવાના રસ્તે ચોકડી પાસે, પટેલ સમાજ પાસે, જાહેર જગ્યા ઉપર અમુક ઈસમો ઝઘડો કરતા હોય અને જાહેરમા ભુંડી ગાળો બોલી સુલેહ

શાંતિનો ભંગ થાય તેવુ કૃત્ય કરતા હોય તેઓ પોલીસ સ્ટાફ સ્થળ પર જઈને ઈસમોને પકડી રાખી નજીકમાથી બે પંચોના માણસોને બોલાવી પંચો રૂબરૂ આરોપીઓના નામઠામ પુછતા પોતે પોતાનુ નામ આરોપી નં.૧ મુકેશભાઈ લગરાભાઈ દુધાત્રા, નં.ર રાજેશભાઈ બચુભાઈ વઘાસીયા, ૩. મહેન્દ્રભાઈ દેવજીભાઈ સાવલીયા અને જાહેરમા ભુંડી ગાળો બોલી મહે.જીલ્લા મેજી.સાહેબશ્રીના હથિયારબંધી જાહેર ક્રમાંક એમજી/સી/જાહેરનામુ/૩૭(૧)/ઈ–રર૧૬૪૦/ર૦ર૪ નો ભંગ કરી,જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી ભયનો માહોલ ઉભો કરી આરોપીઓએ ગુનો કરેલ હોય. જે અન્વયે વિસાવદર પો.સ્ટે.માં ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૯૪(ર), ર૯૬(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ ફરીયાદ દાખલ કરેલ.ફરીયાદ મુજબનો ગુનો નોંધી તપાસ કરનાર અમલદારનાઓ એ તપાસ પુર્ણ કરી આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ અત્રેની નામદાર કોર્ટમાં રજુ કરેલ.

(ર) આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–ર૦ર૩ ની કલમ ર૩૦** ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામુલ્યે આપી આરોપીઓ વિરુધ્ધ **આંક–૦૪ થી તહોમતનામું** ફરમાવી **આંક–૦૫ થી આંક –૦૭** સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૩) ફરીયાદ પક્ષ તરફથી મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, તેમજ ફરીયાદ પક્ષનાં રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીઓનું **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૩૫૧** વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનું, ખોટો પુરાવો હોવાનું જણાવે છે. તેમજ આરોપી ને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ? અને સોંગદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ? તે બાબતે પુછતા આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે,તેઓ નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરેલ છે.ત્યારબાદ આ કામે પક્ષકારોનાં વિધ્વાન વકીલશ્રીઓની ભારપુર્વકની મૌખીક દલીલો સાંભળી તથા રેકોર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લીધા.

(૪) ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતા કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપર્ણે પુરવાર કરે છે કે, આરોપીઓ એ તા.૧૪/૧૦/૨૦૨૪ ના કલાક ૧૫/૪૫ વાગ્યે બરડીયા ગામે પટેલ સમાજ પાસે જાહેર જગ્યામાં બખેડો કરી ભુંડી ગાળો બોલી સુલેહ શાંતિનો ભંગ કરી લોકોમાં ભયનો માહોલ ઉભો કરી મહે.જીલ્લા મેજી.સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૧૯૪(૨), ૨૯૬(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ?

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૨) આખરી શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

**:: કા ર ણો ::**

(૬) આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૭) સદર કામે પુરવાની વિસ્તૃતમાં ચર્ચા કરતા અગાઉ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૧૯૪(૨), ૨૯૬(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓ તથા તેના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરૂરી બની આવે છે જે નીચે મુજબ છે.

**કલમ ૧૯૪(૨) અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) શું આરોપીઓએ જાહેરમાં બખેડો કરેલ છે ?

(બખેડો એટલે કે, જયારે બે અથવા વધુ વ્યકિતઓ કોઈ જાહેર સ્થળમાં મારામારી કરીને શાંતિનો ભંગ કરે ત્યારે તેઓ એ બખેડો કર્યો કહેવાય.)

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

**<u>કલમ ૨૯૬(બી) અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.</u>**

(૧) શું આરોપીએ જાહેર સ્થળ ઉપર કોઈ વ્યકિતને અપશબ્દો ઉચ્ચારેલ છે ?

**<u>ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ હેઠળનો હથીયારબંધીના જાહેરનામાના ભંગના શિક્ષાપાત્ર ગુનો સાબીત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબ ની બાબતો સાબીત કરવી જરૂરી છે.</u>**

(૧) બનાવ સમયે કથીત હથીયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમા હતું.

(૨) હથીયારબંધીનું જાહેરનામું યોગ્ય પ્રકાશન થયેલું.

(૩) બનાવ વખતે આરોપીએ હથીયાર ધારણ કરી હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે.

(૮) ફરીયાદપક્ષ દવારા આક્ષેપાયેલ ગુનાના ઉપરોકત મુજબના તત્વો સાબીત કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

(૮.૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનુ તહોમત સાબીત કરવા માટે **આંક–૧૧** થી ફરીયાદી **પો.કો.અજીતસિંહ જુવાનસિંહ ભાટી** નાઓ ને તપાસેલ છે. ફરીયાદીએ પોતાની સરતપાસમાં બનાવ બનેલ અંગેનું વર્ણન કરતી જુબાની આપેલ છે. તેમની સરતપાસમા ફરીયાદી ટુંકમાં જણાવે છે કે, ''તેઓ તા.૧૪/૧૦/૨૦૨૪ નારોજ સાથેના પોલીસ સ્ટાફ પો.કો. રાકેશભાઈ ડોબરીયા, દીનેશભાઈ કાછેલા, ધવલભાઈ વેગડ,નિર્મલસિંહ દયાતર તથા એ.એસ.આઈ. ડી.એન. ચાંચીયાના ઓ સાથે બરડીયા ગામે ઈકો ઝોનના વિરોધમાં મીટીંગના

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

બંદોબસ્તમા હતા તે દરમ્યાન બરડીયા ગામ પાસે લીલીયા ગામ તરફ જવાના રસ્તે ચોકડી પાસે, પટેલ સમાજ પાસે, જાહેર રસ્તા ઉપર અમુક ઈસમો ઝઘડો કરતા હોય અને જાહેરમા ભુંડી ગાળો બોલી સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કૃત્ય કરતા હોય તેઓ પોલીસ સ્ટાફ સ્થળ પર જઈને ઈસમોને પકડી રાખી નજીકમાથી બે પંચોના માણસોને બોલાવી પંચો રૂબરૂ આરોપીઓના નામઠામ પુછતા પોતે પોતાનુ નામ આરોપી નં.૧ મુકેશભાઈ લગરાભાઈ દુધાત્રા, નં.ર રાજેશભાઈ બચુભાઈ વઘાસીયા, ૩.મહેન્દ્રભાઈ દેવજીભાઈ સાવલીયા નાઓ જાહેરમા ભુંડી ગાળો બોલતા હોય આ આરોપીઓને અટક કરી તેઓ સામે સરકાર તરફે બી.એન.એસ. કલમ–૧૯૪(ર), ર૯૬(બી) વિગેરે મુજબની આંક–૧ર વાળી ફરીયાદ તેઓએ આપેલ.''વળી, આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યા માણસો અને વાહનોની સતત અવરજવર રહે છે. એ વાત ખરી છે કે બનાવના દીવસે ઈકો ઝોનની પોલીસીના વિરોધમા ઘણા બધા માણસોનુ ટોળુ સ્થળ પર ભેગુ થઈ ગયેલ. એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે. ''

જો ફરીયાદી જુબાની તેમજ ફરીયાદ એક સાથે જોવામાં આવે તો ફરીયાદી પોતાની જુબાનીમાં કબુલ રાખે છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યા માણસો અને વાહનોની સતત અવરજવર રહે છે. તેમજ બનાવના દીવસે ઈકો ઝોનની પોલીસીના વિરોધમા ઘણા બધા માણસોનુ ટોળુ સ્થળ પર ભેગુ થઈ ગયેલ.

(૮.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૦** થી બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ રાખી **આંક–૦૯** થી પંચનામાના પંચ સાહેદ નં.૧ હરેશ ભાઈ સમજુભાઈ સાવલીયાનાઓને તથા **આંક–૧૪** થી પંચ સાહેદ નં.૨ વિજયભાઈ ડાયાભાઈ વઘાસીયા નાઓને તપાસેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંકમાં જણાવે છે કે,''પોલીસે તેઓને તૈયાર કાગળોમા સહીઓ કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી. આ કાગળમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાં ચી સંભળાવેલ નહી.પોલીસના કહેવાથી તેઓએ સહિઓ કરેલી. તેમજ પંચોએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે.''

વળી,આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, બનાવ વિશે તેઓ કાંઈ જાણતા નથી.એ વાત ખરી છે કે,પોલીસના કહેવાથી તેઓએ સહિ કરી આપેલી.એ વાત ખરી છે કે,પોલીસે તૈયાર પંચનામામાં સહિ લીધેલી.''

આમ,સદર કામના પંચોએ પંચનામાની હકિકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

(૮.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૭** થી અટક પંચનામુ રજુ રાખી **આંક–૧૩** થી પંચનામાના પંચ સાહેદ નં. ૧ **લલીતભાઈ ગોપાલભાઈ પાઘડાળ**નાઓને તપાસેલ છે.જેઓએ પોતાની સોગંદ પરની જુબાની માં જણાવેલ છે કે,આશરે એકાદ વર્ષ પહેલા તેઓ વિસાવદર તાલુકા ના બરડીયા ગામે સાંજના ૬ વાગ્યા આસપાસ ગયેલ ત્યારે હાલનો કહેવાતો બનાવ બાબતે તેઓને કોઈ જાણ ન હોવા છતા પોલીસે તેઓને ઉભો રાખી તેઓનું નામઠામ પુછેલ.જે તે દીવસે પોલીસે

તેઓની કોઈ કોરા કાગળમા કે પંચનામામા સહી કરેલ નથી. પોલીસે તેઓની હાજરીમા આરોપીઓની અટક કરેલ હોય કે કોઈ પંચનામુ તૈયાર કરેલ હોય તેવુ બનેલ નથી.આરોપીઓ તરફે સદર પંચ સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

આમ,સદર કામના પંચે પંચનામાની હકિકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

(૮.૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૭** થી અટક પંચનામુ રજુ રાખી **આંક–૧૬** થી પંચનામા ના પંચ સાહેદ નં. ૨ **લાલજીભાઈ બાવાભાઈ કોટડીયા**નાઓને તપાસેલ છે.જેઓએ પોતાની સોગંદ પરની જુબાની માં જણાવેલ છે કે,બનાવ ૨૦૨૪ની સાલમાં બનેલ જે તે સમયે સરકારે ઈકો ઝોનની પોલીસી લાવેલ હોય અને તે બાબતે પટેલ સમાજ બરડીયા ખાતે તેમના વિરોધમાં એક જાહેર મીટીંગ રાખવામાં આવેલ તે સમયે આ કામના આરોપીઓને ઝગડો થયેલ અને તેઓ જાહેરમાં બખેડો કરતા હોય અને તે સમયે વિસાવદર પોલીસનો સ્ટાફ ત્યાં આવી અને આરોપીઓની અટક કરતા આ અટક પંચનામામાં પોલીસે પંચ નં.૨ તરીકે તેઓની સહી લીધેલ''વળી,આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, ''એ વાત ખરી નથી કે,તૈયાર પંચનામામાં પોલીસે મારી સહી લીધેલ.એ વાત ખરી છે કે,હું બોલતો ગયો હોઉ અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી.

આમ,સદર કામના પંચે પંચનામાની હકિકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૮.૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક-૧૮** થી સાહેદ **પો.કો. રાકેશભાઈ બાઉવેદભાઈ ડોબરીયા**ને તથા **આંક-૧૯** થી સાહેદ **પો.કો. પ્રફુલ ભાઈ કરશનભાઈ ભેડા**ને તથા **આંક-૨૦**થી **પો.કો.સાહેદ દિનેશભાઈ અરજણભાઈ કાચેલા**ને તપાસવામા આવેલા છે. જેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,''તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ સાથેના પોલીસ સ્ટાફ પો.કો. રાકેશભાઈ ડોબરીયા, દીનેશભાઈ કાછેલા, ધવલભાઈ વેગડ, નિર્મલસિંહ દયાતર તથા એ.એસ.આઈ. ડી.એન.ચાંચીયાનાઓ સાથે બરડીયા ગામે ઈકો ઝોનના વિરોધમાં મીટીંગના બંદોબસ્તમા હતા તે દરમ્યાન બરડીયા ગામ પાસે લીલીયા ગામ તરફ જવાના રસ્તે ચોકડી પાસે, પટેલ સમાજ પાસે, જાહેર રસ્તા ઉપર અમુક ઈસમો ઝઘડો કરતા હોય અને જાહેરમા ભુંડી ગાળો બોલી સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કૃત્ય કરતા હોય તેઓ પોલીસ સ્ટાફ સ્થળ પર જઈને ઈસમોને પકડી રાખી નજીકમાથી બે પં ચોના માણસોને બોલાવી પંચો રૂબરૂ તમો આરોપીઓના નામઠામ પુછતા પોતે પોતાનુ નામ આરોપી નં.૧ મુકેશભાઈ લગરાભાઈ દુધાત્રા,નં.૨ રાજેશભાઈ બચુભાઈ વઘાસીયા, ૩. મહેન્દ્રભાઈ દેવજીભાઈ સાવલીયા તથા એક કાયદાના સંઘર્ષમા આવેલ બાળક જેઓના હાથમા લાકડીઓ હતી અને જાહેરમા ભુંડી ગાળો બોલતા હોય આરોપીઓને અટક કરી તેઓ સામે સરકાર તરફે બી.એન.એસ. કલમ-૧૯૪(૨), ૨૯૬(બી) વિગેરે મુજબની ફરીયાદ સાથેના પો.કો અજીતસિંહ ભાટીએ આપેલ.''વળી,આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યા માણસો

અને વાહનોની સતત અવરજવર રહે છે. એ વાત ખરી છે કે બનાવના દીવસે ઈકો ઝોનની પોલીસીના વિરોધમા ઘણા બધા માણસોનુ ટોળુ સ્થળ પર ભેગુ થઈ ગયેલ. એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે.''

સદર સાહેદોની જુબાની વંચાણે લેતા, જણાય આવે છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યા માણસો અને વાહનોની સતત અવરજવર રહે છે. તેમજ બનાવના દીવસે ઈકો ઝોનની પોલીસીના વિરોધમા ઘણા બધા માણસોનુ ટોળુ સ્થળ પર ભેગુ થઈ ગયેલ.

(૮.૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૨** થી સાહેદ ભીખાભાઈ મેરામભાઈ વણારને તથા **આંક–૨૩** થી સાહેદ સોમાભાઈ કાળાભાઈ વાઘને તથા **આંક–૨૪** થી સાહેદ દીનેશભાઈ મોહનભાઈ વાઘને તથા **આંક–૨૫** થી સાહેદ પ્રવીણભાઈ બાવકુભાઈ સાવલીયાને તથા **આંક–૨૬** થી સાહેદ અશોકભાઈ ભીખાભાઈ નાકરાણીને તથા **આંક–૨૭** થી સાહેદ વિપુલભાઈ છગનભાઈ પટેલને તથા **આંક–૨૮** થી સાહેદ અશ્વિનભાઈ બાબુભાઈ સરધારને તપાસવામા આવેલા છે. જેઓ એ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૨૪ ની સાલમાં બનેલ જે તે સમયે સરકારે ઈકો ઝોનની પોલીસી લાવેલ હોય અને તે બાબતે પટેલ સમાજ બરડીયા ખાતે તેમના વિરોધમાં એક જાહેર મીટીંગ રાખવામાં આવેલ ત્યારે આ બનાવ બનેલ ત્યારે તેઓ ત્યાં હાજર હોય પોલીસે તેઓની પુછપરછ કરેલ. બનાવ બાબતે તેઓને કોઈ જાત માહીતી નથી.વળી,આરોપીઓના વિ.વ.શ્રી

ધ્વારા તેઓની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ બાબતે તેઓને કોઈ જાત માહીતી નથી.

સદર સાહેદોની જુબાની વંચાણે લેતા, જણાય આવે છે કે, બનાવ બાબતે તેઓને કોઈ જાત માહીતી નથી.

(૮.૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૦** થી તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ.,**દીનેશભાઈ નારણભાઈ ચાંચીયા**નાઓને તપાસવામાં આવેલા જેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૪ ના અરશામાં વિસાવદર પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ બરડીયા ગામે પટેલ સમાજ પાસે, જાહેર જગ્યામા આરોપીઓએ બખેડો કરી,ભુંડી ગાળો બોલી,લાકડીઓ વડે જાહેર જગ્યામાં સુલેહ શાંતિનો ભંગ કરતા હોય તે મતલબની ફરીયાદ સરકાર તરફે પો.કો. અજીત સિંહ જુવાનસિંહ ભાટીનાઓએ નોંધાવતા સદર ફરીયાદ ને પી.એસ.ઓ.શ્રીએ વિસાવદર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૩૦૭૦૨૪૦ ૫૪૫/૨૦૨૪ થી નોંધી લઈ સદર ગુનાની તપાસ તેઓને સોંપાતા તપાસના કામે તેઓએ સ્થાનિક જગ્યાનુ પંચનામુ કરેલ.આરોપીઓ ની ધોરણસર અટક પંચનામાની વિગતે ધોરણસર અટક કરેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. તપાસના અંતે આરોપી ઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જસીટ કરેલ.''વળી,આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, આરોપીઓ પાસેથી કોઈ હથિયારો કબજે કરવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે,બનાવવાળી

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

જગ્યાએ રાજકીય મીટીંગ હોવાથી ઘણા બધા માણસો હતા.એ વાત ખરી નથી કે,ફરીયાદને અનુરૂપ તમામ નિવેદનો અમોએ જાતે નોંધેલ છે. એ વાત ખરી નથી કે,હાલના કામે અમોએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી.''

આમ, સદર કામના તપાસ કરનાર અમલદારની જુબાની જોતા માલુમ પડે છે કે, આરોપીઓ પાસેથી કોઈ હથિયારો કબજે કરવામાં આવેલ નથી.તેમજ બનાવવાળી જગ્યાએ રાજકીય મીટીંગ હોવાથી ઘણા બધા માણસો હતા.

(૦૯) સરકારશ્રીના વિધ્વાન એ.પી.પી.શ્રી પોતાની મૌખિક દલીલમાં જણાવેલ કે,સદર કામે ફરીયાદી તથા પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષ ને પુરેપુરૂ સમર્થન આપતી જુબાની આપેલ છે. જેથી તેઓ સદર કામે આરોપીને આક્ષેપાયેલ ગુનામા કડક સજા થાય તે અંગે રજુઆત કરે છે.વળી,આરોપીઓ ના વિ.વકિલ શ્રી પોતાની મૌખિક દલીલમાં નામદાર કોર્ટમાં જણાવે છે કે, ફરીયાદપક્ષના સાહેદોની ઉલટતપાસમાં રેકર્ડ પર આવેલ વિરોધની હકિકતો તરફ ધ્યાન દોરેલ છે અને ફરીયાદપક્ષે રજુ ફરીયાદીનો પુરાવો ખુદ ફરીયાદ હકિકતથી વિપરીત હોવાથી આ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**પુરાવાઓનું મુલ્યાંકન :–**

(૧૦.૧) સદર કામે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું મુલ્યાકન કરવામાં આવે તો આંક–૧૧ થી તપાસવામાં આવેલ ફરીયાદી પો.કો.અજીતસિંહ જુવાનસિંહ ભાટીની જુબાની તથા આંક–

૧૮ થી સાહેદ પો.કો. રાકેશભાઈ બાઉવેદભાઈ ડોબરીયાને તથા આંક–૧૯ થી સાહેદ પો.કો. પ્રફુલ ભાઈ કરશનભાઈ ભેડાને તથા આંક–૨૦થી પો.કો.સાહેદ દિનેશભાઈ અરજણભાઈ કાચેલાની જુબાની જોતા એ હકિકત રેકર્ડ પર આવેલ છે કે,બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યા માણસો અને વાહનોની સતત અવરજવર રહે છે. તેમજ બનાવના દીવસે ઈકો ઝોનની પોલીસીના વિરોધમા ઘણા બધા માણસોનુ ટોળુ સ્થળ પર ભેગુ થઈ ગયેલ.પરંતુ ફરીયાદી તથા સાહેદો દવારા આરોપીઓ વિરુધ્ધ કોઈ એવો પુરાવો રજુ થયેલ નથી કે જેથી એ સાબિત થઈ શકે કે આરોપીઓએ કહેવાતો ગુનો આચરેલ છે.સદર કામે ફરીયાદીની જુબાની ઉપર એ હકિકત સાબિત થયેલ નથી કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ છે.

**(૧૦.૨)** વધુમાં ફરીયાદપક્ષ દવારા તપાસવામાં આવેલ આંક–૨૨ થી સાહેદ ભીખાભાઈ મેરામભાઈ વણારને તથા આંક–૨૩થી સાહેદ સોમાભાઈ કાળાભાઈ વાઘને તથા આંક–૨૪થી સાહેદ દીનેશભાઈ મોહનભાઈ વાઘ ને તથા આંક–૨૫ થી સાહેદ પ્રવીણભાઈ બાવકુભાઈ સાવલીયાને તથા આંક –૨૬ થી સાહેદ અશોકભાઈ ભીખાભાઈ નાકરાણીને તથા આંક–૨૭ થી સાહેદ વિપુલભાઈ છગનભાઈ પટેલને તથા આંક–૨૮ થી સાહેદ અશ્વિનભાઈ બાબુભાઈ સરધારનાઓની સરતપાસ તેમજ ઉલટતપાસ વંચાણે લેતા, સદર સાહેદોએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી.

આમ,ઉપરોકત સાહેદોની જુબાની ફરીયાદપક્ષની હકિકતને લેશમાત્ર સમર્થન આપતી નથી.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

તેમજ સદર કામે આંક–૩૦ થી તપાસેલ તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ., દીનેશભાઈ નારણભાઈ ચાંચીયાની જુબાની જોતા માલુમ પડે છે કે, આરોપીઓ પાસેથી કોઈ હથિયારો કબજે કરવામાં આવેલ નથી. તેમજ બનાવવાળી જગ્યાએ રાજકીય મીટીંગ હોવાથી ઘણા બધા માણસો હતા. તેમજ સદર કામે તપાસવામાં સ્વતંત્ર સાહેદોએ પણ ફરીયાદ હકિકત ને સમર્થન કરતી જુબાની આપેલ નથી કે જેથી એ સાબિત થઈ શકે કે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આ કામના આરોપીઓએ આચરેલ છે.

**(૧૦.૩)** વધુમાં સદર કામે આંક–૦૯ અને આંક–૧૪ થી તપાસવામાં આવેલ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોએ પણ આંક–૧૦ વાળા બનાવવાળી જગ્યાના પંચનામામાં ફકત પોતાની સહિ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકિકતને સમર્થન કરેલ નથી.

તેમજ આંક–૧૩ અને આંક–૧૬ થી તપાસવામાં આવેલ અટક પંચનામાના પંચ સાહેદોએ પણ આંક–૧૭ વાળા અટક પંચનામામાં ફકત પોતાની સહિ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકિકતને સમર્થન કરેલ નથી.

**(૧૦.૪)** સદર કામે ફરીયાદપક્ષ દવારા રજુ થયેલ ફરીયાદી તથા પોલીસ સ્ટાફના સાહેદો તેમજ બનાવવાળી જગ્યાના આજુબાજુના અન્ય સ્વતંત્ર સાહેદોની જુબાની વંચાણે લેતાં, આરોપીઓ દવારા જાહેરમાં બખેડો કરેલ હોવાની હકિકત ને સમર્થનકારી કોઈ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.ફરીયાદ હકિકત મુજબ બનાવ ગામની વચ્ચે બનેલ પરંતુ તપાસ

એજન્સી દવારા કોઈ નજરે જોનાર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ જે સાહેદો નજરે જોનાર છે અને તેઓના નિવેદન નોંધવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં તેમજ ઉલટતપાસમાં તેઓને બનાવની કોઈ જાત માહિતી નથી તેવું જણાવેલ છે. જેથી આરોપીઓને હાલના ગુનામાં સજા કરવી નામદાર કોર્ટને ન્યાયોચિત જણાય આવતું નથી.

(૧૧) આમ, આ કામે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આરોપીઓ વિરુધ્ધ અન્ય કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય. તે તમામ સંજોગોમાં આ કામના આરોપીઓએ જાહેર જગ્યામાં બખેડો કરી ભુંડી ગાળો બોલી સુલેહ શાંતિનો ભંગ કરી લોકોમાં ભયનો માહોલ ઉભો કરી મહે.જીલ્લા મેજી.સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. તેમજ આરોપીઓ એ બી.એન.એસ.ની કલમ–૧૯૪(૨), ૨૯૬(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ના તહોમત મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોકત વિગતવારની ચર્ચાના અંતે મુદા નં. ૧ નો નિર્ણય ''નકારમાં '' ઠરાવવામાં આવે છે. અને મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – :: આખરી હુકમ :: –

(૧) આ કામના આરોપી નં.(૧)મુકેશભાઈ લગરાભાઈ દુધાત્રા,ઉ.વ.૪૭, ધંધો–ખેતી, રહે.લીમધ્રા, તા.વિસાવદર, જી.જુનાગઢ, નં.(૨) રાજેશ

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

ભાઈ બચુભાઈ વઘાસીયા,ઉ.વ.૪૨, ધંધો–ખેતી, રહે.બરડીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ તથા નં. (૩) મહેન્દ્રભાઈ દેવજીભાઈ સાવલીયા,ઉ.વ.૪૫, ધંધો–ખેતી, રહે.બરડીયા, તા.વિસાવદર, જી. જુનાગઢનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે આરોપીઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૯૪(૨) , ૨૯૬(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે શંકા નો લાભ આપી નિર્દોષ છોડી મુકવા હુકમ કરવામા આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાંસની લાકડીનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે આરોપી જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપીઓ પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીઓએ અપીલ ના સમય માટે રૂા. ૨૫,૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ **૧૯** મી માહે **મે** સને–**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી જાહેર કર્યો.

તારીખઃ–૧૯/૦૫/૨૦૨૬
વિસાવદર

**(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર.
(જજ કોડ–જી જે ૦૧૫૨૨)

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર